વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail: dee@nau.in, Website: www.nau.in

**વંચાણે : કૃષિ અને સહકાર વિભાગના પત્ર ક્રમાંક : કૃષભ/૧૩૨૦૧૪/૩૬૮/મ–૩/ તા.૦૪/૦૩/૨૦૧૫**

# પરિપત્ર

## કૃષિ મહોત્સવ–૨૦૧૫ના સમયગાળા દરમ્યાન અન્ય મોટા કાર્યક્રમોનું આયોજન ન કરવા તેમજ કૃષિ વૈજ્ઞાનિકોની રજાઓ મંજૂર ન કરવા બાબત.

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, રાજય સરકારશ્રીના ઉપરોકત વંચાણે લીધેલ પત્રાનુસાર આગામી **તા.૨૧/૦૪/૨૦૧૫ થી ૧૦/૦૫/૨૦૧૫** (દિન–૨૦) સુધી કૃષિ મહોત્સવ–૨૦૧૫ની રાજય વ્યાપી ઉજવણી થનાર છે. સદરહુ કૃષિ મહોત્સવમાં નવસારી કૃષિ યુનિવર્સિટીએ હાથ ધરવાની થતી કામગીરીની સંક્ષિપ્ત માહિતી તમામ કૃષિ વૈજ્ઞાનિકોની જાણ સારું આ સાથે સામેલ કરેલ છે.

ચાલુ વર્ષે જિલ્લા પંચાયતની સીટ પ્રમાણે આયોજીત થનાર કૃષિ મહોત્સવમાં દક્ષિણ ગુજરાતની જિલ્લા પંચાયતની તમામ ૧૮૫ સીટના સ્થળે સેમીનાર અને બે દિવીસય એકઝીબીશન-કમ-સેલ્સના કૃષિ કાર્યક્રમો યોજવામાં આવનાર છે, જેમાં સીટ દીઠ આપણી યુનિવર્સિટીના ત્રણ કૃષિ નિષ્ણાંતો (કૃષિ, બાગાયત, પશુપાલન) ની સેવાઓની ફાળવણી કરવાની થાય છે.

ગુજરાત સરકાર દ્વારા આયોજીત થનાર આ મહત્વના કાર્યક્રમના સમયગાળામાં **અન્ય કોઈપણ મોટા કાર્યક્રમોનું આયોજન ન કરવા તેમજ કૃષિ વૈજ્ઞાનિકોની રજાઓ મંજૂર ન કરવા** જણાવવામાં આવે છે.

સદરહું પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ડી–૧/વેબ–૭૮/૨૦૧૫
નવસારી તા. ૨૫/૦૩/૨૦૧૫

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.

**નકલ જયભારત સહ રવાના :**

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.

કૃષિ અને સહકાર વિભાગના પત્ર ક્રમાંક : કૃષભ/૧૩૨૦૧૪/૩૬૮/મ–૩/ તા.૦૪/૦૩/૨૦૧૫ તરફથી પ્રસિધ્ધ થયેલ

# કૃષિ મહોત્સવ–૨૦૧૫ માર્ગદર્શિકા

## અન્વયે

## નવસારી કૃષિ યુનિવર્સિટીએ
## હાથ ધરવાની થતી કામગીરીની સંક્ષિપ્ત માહિતી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## વર્ષ : ૨૦૧૫

### કચેરી


વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી**

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬

e-mail :dee@nau.in, Website : www.nau.in

## કૃષિ મહોત્સવ–૨૦૧૫ અંર્ગત નવસારી કૃષિ યુનિવર્સિટીએ હાથ ધરવાની થતી કામગીરીની સંક્ષિપ્ત માહિતી

### (૧) પ્રાથમિક માહિતી :

૧. રાજય સરકાર દ્વારા કૃષિ મહોત્સવની ઉજવણી વર્ષ ૨૦૦૫થી શરૂ કરવામાં આવેલ છે.

૨. ચાલુ વર્ષે કૃષિ મહોત્સવ–૨૦૧૫નું આયોજન તા.૨૧/૦૪/૨૦૧૫ થી ૧૦/૦૫/૨૦૧૫ (દિન–૨૦) સુધી કરવામાં આવનાર છે.

૩. ચાલુ વર્ષે ૧૧મો કૃષિ મહોત્સવ યોજાશે.

૪. કૃષિ મહોત્સવનો મુખ્ય હેતૂ કૃષિક્ષેત્રમાં લોકભાગદારીથી ગ્રામ્યકક્ષાએ આઘુનિક ઓજારો, કૃષિ પધ્ધતિઓ, જળ સંચય અને વીજળી સંચયના કાર્યક્રમોનું આયોજન કરવું તથા કૃષિલક્ષી અને ગ્રામ વિકાસને લગતાં કાર્યક્રમોનું આયોજન કરીને કૃષિ સહાય અને વૈજ્ઞાનિક માર્ગદર્શન સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ કરાવવા.

### (૨) કૃષિ મહોત્સવ–૨૦૧૫ના કાર્યક્રમો :

૧. જિલ્લા પંચાયતની સીટ પ્રમાણે સેમીનાર અને એકઝીબીશન કમ સેલ્સના કૃષિ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે (રાજયમાં અંદાજીત ૧૧૦૦ કાર્યક્રમ). દરેક કાર્યક્રમ માટે રૂા. બે લાખની મર્યાદામાં આયોજન કરવાનું રહેશે.

૨. સેમીનારના કાર્યક્રમનો સમય સવારે ૮.૩૦ વાગ્યાથી બપોરના ૧૨.૩૦ વાગ્યા સુધીનો રહેશે, જયારે એકઝીબીશન બે દિવસ સુધીનું રહેશે.

૩. દરેક સેમીનારના કાર્યક્રમમાં ૧૦૦૦ ખેડૂતો ભાગ લેશે.

૪. જિલ્લા ખેતીવાડી અધિકારીએ દરેક કાર્યક્રમના સફળ સંચાલન માટે સ્થાનિક ધોરણે કૃષિ અને સંલગ્ન ખાતાના અધિકારીઓ સાથે ગુજરાત રાજય બીજ નિગમ, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, **કૃષિ યુનિવર્સિટી,** ખાતર કંપની, સ્થાનિક કૃષિ ઈનપુટ અને યાંત્રિક સાધનોના ડીલર્સ વિગેરેના સંકલનમાં રહી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

૫. કૃષિ મહોત્સવના સ્થળે એકઝીબીશન કમ સેલ્સ સ્ટોલ્સની કુલ સંખ્યા અંદાજીત ૨૦ ની આસપાસ રાખવાની રહેશે. સ્થળ ઉપર સ્ટોલ તેમજ સ્ટેજ બનાવવાની કામગીરી આત્માની જેમ કૃષિમેળામાં કરવામાં આવતી ગાઈડ લાઈન( ટેન્ડર પ્રક્રિયા) મુજબ કરવાની રહેશે.

૬. આ ૨૦ સ્ટોલ્સ પૈકી એક સ્ટોલ યુનિવર્સિટીને ફાળવવામાં આવશે.

૭. કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાંતે સેમીનારમાં અને ત્યારબાદ પ્રદર્શન–કમ વેચાણ ખાતેના કૃષિ યુનિવર્સિટીના સ્ટોલ ઉપર સતત બે દિવસ હાજર રહી ખેડૂતોને સંબંધિત વિસ્તારમાં આવેલા પાકો અંગે માર્ગદર્શન તથા પ્રશ્નોનું નિરાકરણ આપવાનું રહેશે.

૮. કૃષિ મહોત્સવ–૨૦૧૫ના આયોજન માટે કરવામાં આવેલ બજેટ જોગવાઈ અંગેની ગ્રાન્ટ ખેતી નિયામકશ્રીએ નોડલ એજન્સી તરીકે ગુજરાત રાજય બીજ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવાની રહેશે, તેમની સૂચના મુજબ બીજ નિગમ જિલ્લાઓને/સંસ્થાઓને ગ્રાન્ટ ફાળવશે.

૯. સંબંધિત વિસ્તારના પાક તથા ખેતી સંલગ્ન પ્રશ્નો અગાઉથી ગ્રામસેવક/વિસ્તરણ અધિકારીએ મેળવીને કૃષિ મહોત્સવની વેબસાઈટ ઉપર અપલોડ કરવાના રહેશે કે જેથી **કૃષિ વૈજ્ઞાનિકો પૂરતી તૈયારી સાથે કાર્યક્રમમાં હાજર રહી ખેડૂતોને માર્ગદર્શન આપી શકે.**

## (૩) કૃષિ મહોત્સવ–૨૦૧૫નો દૈનિક મોડલ કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

(પરંતુ સ્થાનિક પરિસ્થિતિ મુજબ તેમાં ફેરફાર કરી શકાશે).

### ▶ પ્રથમ દિવસ :

| સમય | સૂચિત કાર્યક્રમ | આયોજક |
|---|---|---|
| ૮.૩૦ થી ૯.૩૦ | દીપ પ્રાગટય અને ઉદ્‌ઘાટન સમારંભ | જિલ્લા ટીમ |
| ૯.૩૦ થી ૧૦.૩૦ | નિદર્શન હેઠળ પસંદગી પામેલા ખેડૂતોના નામોની જાહેરાત, સેમીનાર લેકચર–૧ અને પ્રશ્નોત્તરી (કૃષિ/બાગાયત) | જિલ્લા ખેતીવાડી અધિકારી, **કૃષિ વૈજ્ઞાનિક** |
| ૧૦.૩૦ થી ૧૧.૦૦ | સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતો (૧–૨–૩) ના અનુભવોનું આદાન–પ્રદાન | જિલ્લા ખેતીવાડી અધિકારી, પ્રગતિશીલ ખેડૂતો |
| ૧૧.૦૦ થી ૧૧.૪૫ | સેમીનાર લેકચર–૨ અને પ્રશ્નોત્તરી(પશુપાલન) | **કૃષિ વૈજ્ઞાનિક** |
| ૧૧.૪૫ થી ૧૨.૦૦ | સ્થાનિક પ્રગતિશીલ પશુપાલકોના વિષયોકત અનુભવોનું આદન–પ્રદાન | નાયબ પશુપાલન નિયામક, પ્રગતિશીલ ખેડૂતો |
| ૧૨.૦૦ થી ૧૨.૩૦ | સહાયના ચેક/મંજૂરી પત્રોનું વિતરણ | સંલગ્ન ખાતુ/ કચેરી |
| ૧૨.૩૦ થી ૧૨.૪૫ | પ્રદર્શન–કમ વેચાણનું ઉદ્‌ઘાટન | જિલ્લા તંત્ર |
| ૧૨.૪૫ થી ૧૪.૦૦ | ભોજન– વિરામ | |
| ૧૪.૦૦ થી ૧૮.૦૦ સુધી | ખેડૂતો દ્વારા પ્રદર્શન–કમ વેચાણની મુલાકાત અને **કૃષિ યુનિવર્સિટીના સ્ટોલ પર વૈજ્ઞાનિક સાથે ચર્ચા** તેમજ બીજ નિગમ/ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન અને ખાનગી કંપનીઓના સ્ટોલ ઉપરથી વિવિધ ઈનપુટના વેચાણની શરૂઆત | સંબંધિત અધિકારીઓ |

### ▶ બીજો દિવસ :

| | | |
|---|---|---|
| ૮.૩૦ થી ૧૨.૩૦ | ● | કૃષિ યુનિવર્સિટીના સ્ટોલ ઉપર વૈજ્ઞાનિક દ્વારા ખેડૂતોને માર્ગદર્શન તેમજ પ્રશ્નોત્તરી |
| | ● | જુદી જુદી એમ્પેનલ્ડ કંપનીઓ દ્વારા વિસ્તારને અનુરૂપ સાધનોનું નિદર્શન |
| | ● | ખેતીના ઈનપુટનું પ્રદર્શન કમ વેચાણ |
| ૧૨.૩૦ થી ૧૪.૦૦ | ● | વિરામ |
| ૧૪.૦૦ થી ૧૬.૩૦ | ● | કૃષિ યુનિવર્સિટીના સ્ટોલ ઉપર વૈજ્ઞાનિક દ્વારા ખેડૂતોને માર્ગદર્શન તેમજ પ્રશ્નોત્તરી |
| | ● | જે તે ખાતા દ્વારા સંબંધિત યોજનાઓના મંજૂરી પત્રોનું વિતરણ |
| | ● | પસંદગી પામેલ ખેડૂતોને નિદર્શન અંગેના કિટસનું વિતરણ |
| | ● | ખેતીના ઈનપુટનું પ્રદર્શન કમ વેચાણ |

**(૪)_પ્રચાર–પ્રસાર :**

૧. સ્થાનિક પાકને અનુરૂપ ખેતી પધ્ધતિ તેમજ નવીનતમ ટેકનોલોજી અંગેનું સ્થાનિક ભાષામાં ઈ–સાહિત્ય (ઓડીયોવિઝયુઅલ સીડી)– ગામદીઠ ૫ થી ૧૦ સીડીનું વિતરણ (કૃષિ યુનિવર્સિટી દ્વારા)

૨. કૃષિ મહોત્સવ કાર્યક્રમના સ્થળે કૃષિ લગત સાહિત્યની મોબાઈલ લાઈબ્રેરી(કૃષિ યુનિવર્સિટી કક્ષાએથી)

૩. વિસ્તરણ તંત્રને અધ્યતન તાંત્રિક સાહિત્યની કિટસ પૂરી પાડવી( કૃષિ યુનિવર્સિટી કક્ષાએથી)

**(૫) સમગ્ર કૃષિ મહોત્સવ દરમ્યાન વિવિધ વિભાગોના કાર્યક્રમો :**

| વિભાગ | કામગીરી/ કાર્યક્રમો |
|---|---|
| કૃષિ યુનિવર્સિટીઓ | ઝોન વાઈઝ મેગાઈવેન્ટ, કૃષિ ઉત્પાદન વધારવા માટે વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન, કાર્યક્રમના વિસ્તારને અનુરૂપ સાહિત્ય તૈયાર કરી વિતરણ, સોઈલ હેલ્થ/એગ્રો ફોરેસ્ટ્રી અંગે માર્ગદર્શન |

**(૬) ઝોનવાઈઝ મેગા ઈવેન્ટના સફળ આયોજન માટે સમિતિઓની રચના અને કાર્યો**

| | | |
|---|---|---|
| ૧. | સંબંધિત કૃષિ યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી | અધ્યક્ષ |
| ૨. | મેગા ઈવેન્ટના સ્થળના સંબંધિત જિલ્લા કલેકટરશ્રી | સહ અધ્યક્ષ |
| ૩. | જે તે કૃષિ યુનિવર્સિટીના ઝોનમાં આવતા અન્ય તમામ જિલ્લા કલેકટરશ્રી | સભ્ય |
| ૪. | જે તે કૃષિ યુનિવર્સિટીના ઝોનમાં આવતા તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ | સભ્ય |
| ૫. | સંયુકત ખેતી નિયામક(વિસ્તરણ)(સંબંધિત વિભાગીય) | સભ્ય |
| ૬. | સંયુકત બાગાયત નિયામક(સંબંધિત વિભાગીય) | સભ્ય |
| ૭. | જે તે કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક | સભ્ય સચિવ |

**ઉપરોકત સમિતિના કાર્યો :**

૧. રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ઝોન વાઈઝ મેગા ઈવેન્ટનું આયોજન કરવાનું રહેશે.

૨. જિલ્લા કલેકટરશ્રીએ કૃષિ યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી સાથે રહી કામગીરી કરવાની રહેશે.

૩. કાર્યક્રમનું સ્થળ નકકી કરવું. સમારંભ/મંડપનું આયોજન, સ્ટેજ વ્યવસ્થા/વીવીઆઈપી વ્યવસ્થા.

૪. ઝોનના જિલ્લા વહીવટી અધિકારીઓની ઉપકુલપતિશ્રીની અધ્યક્ષતામાં મીટીંગ બોલાવવી.

૫. ખેડૂતોને લાવવા લઈ જવા માટે જરૂરીયાત મુજબની બસોની સંખ્યા( વધુમાં વધુ ૬૦) નકકી કરી, એસ.ટી. નિગમ મારફતે બસોની વ્યવસ્થા કરવી. જે અંગે ટ્રાન્સપોર્ટ કમીટી બનાવવી.

૬. ગામ વાઈઝ લાભાર્થી ખેડૂતોની સંખ્યા નકકી કરવી.

૭. કાર્યક્રમના સ્થળે જરૂરી પ્રાથમિક સુવિધાઓનો પ્રબંધ કરાવવો.

૮. કાર્યક્રમ અંગે અગાઉથી પ્રચાર–પ્રસાર કરવો.

–:–:–:–:–:–:–:–:–:–:–:–